सत्यमेव जयते

IN THE COURT
**Mr. S. P Kain**
Judge Code: GJ01196
**THE XXVI ADDL. CHIEF JUDICIAL MAGISTRATE, AHMEDABAD CITY**
**CC/94675/2022**
**Order below Exhibit-1**

વારંવાર પોકાર કરવા છતાં પક્ષકારો કે તેમના વિ.વ.શ્રીઓ હાજર નથી કે તેમના વતી કોઈ રીપોર્ટ પણ રજુ કરેલ નથી. કેસ રેકર્ડ વંચાણે લેતાં, સદરહુ ફરિયાદ ફરિયાદીએ આરોપીઓ વિરૂદ્ધ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ દાખલ કરેલ છે અને રોજકામ જોતાં હાલનુ કામ ઘણા લાંબા સમયથી આરોપીને **પ્રોસેસની બજવણીના સ્ટેજે ચાલતુ હોવા છતાં** અને મુદ્દત તારીખના **સમન્સ/વોરંટ/ટ્રેક રીપોર્ટ આર.પી.એડી. આરોપીના** સદર સરનામે બજવણી નહિ થયેલ હોવાનું રેકર્ડ પર હોવા છતાં ફરિયાદીએ હાજર રહી પોતાનો કેસ આગળ ચલાવવા કોઈ દરકાર લીધેલ નથી. વળી નામ.ગુજરાત હાઈકોર્ટ તથા નામ.સુપ્રિમ કોર્ટના વખતો વખતના ડાયરેક્શન ધ્યાને લેતાં જુના અને ટાર્ગેટેડ કેસોનો વહેલી તકે ન્યાયિક નિકાલ કરવા સુચનો આપેલા છે, તે પ્રમાણે પણ ફરિયાદીએ હાલના કેસમાં ઘણા લાંબા સમયથી આરોપીને હાજર કરાવવા એટલે કે, આરોપીને **પ્રોસેસની બજવણી કરવા માટે કોઈ** પ્રયત્ન કરેલા નથી. વળી, રેકર્ડ વંચાણે લેતાં હાલનો કેસ આશરે **<u>ત્રણ વર્ષ</u> /ટાર્ગેટેડ કેસ** જેટલો જુનો છે અને હાલનાં કામે ફરિયાદીને અવાર-નવાર તક, તારીખ અને સમય મળવા છતાં કેસ આગળ ચલાવવા સતત નિષ્કાળજી કરવામાં આવેલ છે, તેમજ ફરિયાદી અને ફરિયાદી તરફે વકીલશ્રીએ પણ છેલ્લા લાંબા સમયથી કેસ કાર્યવાહીમાં હાજર રહી **પ્રોસેસની બજવણી કરવા માટે કોઈ** દરકાર લીધેલ નથી. વધુમાં ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નંબર ૨૪૦૫/૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા. ૧૮/૦૧/૨૦૧૦ ના ચૂકાદામાં નામ.ગુજરાત રાજ્યની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે, જો ફરિયાદી પોતાની ફરિયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયિક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરિયાદીની ફરિયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચિત હોવાનું ઠરાવેલ છે. આ સંજોગોમાં ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૬ ની જોગવાઈ વંચાણે લેતાં તે નીચે મુજબ છે.

256. Non-appearance or death of complainant. -

(1) If the summons has been issued on complaint and on the day appointed for the appearance of the accused, or any day subsequent thereto to which the hearing may be adjourned, the complainant does not appear, the Magistrate shall notwithstanding anything herein before contained, acquit the accused unless for some reason he

thinks it proper to adjourn the hearing of the case to some other day:

Provided that where the complainant is represented by a pleader or by the officer conducting the prosecution or where the Magistrate is of opinion that the personal attendance of the complainant is not necessary, the Magistrate may dispense with his attendance and proceed with the case.

(2) The provisions of sub–section (1) shall, so far as may be, apply also to cases where the non–appearance of the complainant is due to his death.

આમ, કેસનું રેકર્ડ તથા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ વંચાણે લઈ, ફરિયાદીને વ્યાજબી અને પર્યાપ્ત તક, તારીખો અને સમય આપવા છતાં પોતાનાં કેસમાં આરોપીને પ્રોસેસની બજવણીના સ્ટેજે વારંવાર–સતત ગેરહાજર રહેલા છે અને કેસ ચલાવવામાં વિલંબ આચરેલ છે જે ન્યાયિક રીતે વ્યાજબી નથી. તે સંજોગોમાં હાલના કામે ન્યાયનાં વિશાળ હીતમાં, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ પ્રમાણે ફરિયાદીની ગેરહાજરી સબબ તથા આરોપીને પ્રોસેસની બજવણી નહિ કરવા સબબ આરોપને નિર્દોષ ઠરાવી ફરિયાદીનો કેસ ડીસમીસ ફોર ડિફોલ્ટથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૩/૧૧/૨૦૨૫
અમદાવાદ.

**[ શિવકુમાર પ્રભુદયાલ કેન ]**
૨૬માં એડી.ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ,
ને.ઈ.એ. કોર્ટ નં.૩૫, અમદાવાદ સીટી.

Prepared By
PS- A.M.CHAUDHARI